

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સીમાડે તોપમારો, પેટે પાણી સ્થિર, જોયા કરે!*
*યુવાનો, વીર સૈનિકો, નિર્દોષ પ્રજા, ખોયા કરે,*
*ઠોક્યા કરે છાતી છપ્પનની, મોકડ્રીલ માણીને -*
*દીધા કરે અંજલિઓ, ને મોર બની રોયા કરે !*

### હાઈકુ

*લે છે ફૂદેડી,*
*સંચાલકો થી સંપી -*
*વાલી ચકાવે*
*(ભેદી ભૂપેન્દ્રસિંહજી)*

*મારે દુર્ગંધ -*
*શૌચાલય પ્રચાર*
*હવે રેડીયો!*
*(કહી - મન કી બાત)*

### ચિંતન

*આશા નામ મનુષ્યાણા કાચિદ્ આશ્ચર્યશૃંખલા ।*
*યયા બદ્ધાઃ પ્રધાવન્તિ મુક્તિસ્તિષ્ઠન્તિ પંગુવત્ ॥*

ઉપરોક્ત શ્લોક કઠ-ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

'આશા' નામની કોઈ આશ્ચર્યજનક સાંકળ છે, જેનાથી બંધાયેલો (મનુષ્ય) દોડ્યા કરે છે. અને તેનાથી જે મુક્ત છે, તે પણ દોડ્યા કરે છે.

બીજું આશ્ચર્ય જુઓ. જે બંધાયો નતી તે દોડતો નથી. તેને દોડવાની જરૂર લાગતી નથી, તેથી જે આ તૃષ્ણારૂપી આશ્ચર્યજનક સાંકળથી બદ્ધ નથી તે પાંગળા માણસની માફક સ્થિર બેસી રહે છે, આ તૃષ્ણાને હૃદયગ્રંથી કહેવામાં આવે છે.

જીવનમાં આશા નામનું બંધન છે તેથી જ માણસ કોઈ અલૌકિક શક્તિથી પ્રેરણાનું બળ પામી આશા મૃગ પાછળ દોડ્યા કરે છે જીવનમાં થાક કે હતાશા અનુભવનો નથી.

જે આશાઓ અને અપેક્ષાઓથી મુક્ત છે તેના મન-ચિત્તમાં પણ મુક્તિની ઊંડી - છૂપી આશાના અંકુર તો ફૂટતા જ રહે છે.

### સુવિચાર

- એ વ્યક્તિ સફળ થાય છે જે પ્રભુતાને પચાવે અને લઘુતાને નિભાવે - **મોરારિ બાપુ**
- આપણને કોઈ વ્રત પ્રિય હશે તો સંપત્તિ આવી જ જશે, બાધા નહિ વ્રત. વ્રત પ્રેમથી આવે, બાધા પરાણે લેવી પડે - **ભૂપત વડોદરિયા**
- જેને કંઈ ન જોઈએ, તેને મળવામાં બાકી નથી રહેતું, એ નિયમ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વ્યક્તિ જે સાંભળે છે, તે કરવાનું શરૂ કરી દો ઘટના ઘટી શકે છે, એને હું સફળતા કહું છે - **ઓશો**
- શ્રમ વિના મેળવેલ સંપત્તિ સામાજિક પાપ છે - **માનસ સૂત્ર**
- વ્યક્તિના શીલથઈ તેના જીવનની શૈલી બને છે - **ક્રિષ્ણકાંત ઉનડકટ**
- આજનું ઔષધ : ભૂખ ન લાગતી હોય તેણે ભોજનના એક કલાક અગાઉ બે ગલાસ પાણી પીવું અને પછી અડધો કલાસ હિંડોળા પર હીંચકા ખાવા આ ઈલાજથી ભૂખ લાગે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અદભૂત ઘટના કયારેક વિશ્રામમાં બને છે પણ તે વિશ્રામ બહુ શ્રમ કર્યા પછીનો હોવો જોઈએ. વિશ્રામ પણ કિંમતી છે પયણ શ્રમ કર્યા પછી.

મેડમ ક્યુરિ એક ગણિતના સંશોધન પર મહેનત કરતા હતા એ સંશોધનથી જ તેમની બીજી શોધ ઉપર આગળ વધી શકાય તેમ હતું. ગણિતનો કોયડો રાત દિવસના અથાગ પરિશ્રમ પછી પણ ઉકેલાતો ન હતો.

એક દિવસ ખૂબ થાકીને રાત્રે મોડા સુઈ ગયા. એવામાં એમને સપનું આવ્યું અને તેઓ ચાલવા લાગ્યા. સપનામાં જ તેઓ પોતાના ટેબલ ઉપર ગયા. જે કોયડો ઉકેલાતો ન હતો તે કોયડો ટેબલ પર પડેલા કાગળ પેનથી ઉકેલવા લાગ્યા. જાણે કોઈ અજાણી શક્તિ એમનામાં પ્રવેશી હોય તેમ પેલો કોયડો ઉકેલાઈ ગયો. અને તેઓ પાછા ઊંઘમાં જ ચાલતા ચાલતા રૂમમાં જઈ સૂઈ ગયા.

સવારે જાગ્યા તો ટેબલ પર કાગળ પેન પડેલાં જોયા અને ગણિતનો કોયડો પણ સાચો ઉકેલ પેલા કાગળમાં જોઈ આશ્ચર્ય પામ્યા. મેડમ ક્યુરિને ખુદને નવાઈ લાગી કે ઘર અંદરથી બંધ છે. રૂમમાં કોઈ બીજું આવી શકે તેમ નથી. અને કાગળ પર તેમના ખુદના જ અક્ષરમાં કોયડાનો ઉકેલ જોઈ તેઓ પણ હેરાન હતા.

પછી તરત એમને ખ્યાલ આવ્યો કે રાત્રે સપનામાં તેઓ ટેબલ પર બેસી કંઈક લખતા હતા. જે અઘરા ગણિતના કોયડાનો સાચો ઉકેલ હતો. તે કાગળ લઈ ક્યુરિ નાચી ઉઠ્યા અને પરમેશ્વરનો આભાર માન્યો.

# કર્ણાટકના રાજકારણમાં ધર્મના ઝંડા

**તંત્રીસ્થાનેથી...**

કર્ણાટકની વિધાનસભાની ચૂંટણી કોંગ્રેસ એન ભારતીય જનતા પાર્ટી બેઉ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહી છે. ઉત્તર પૂર્વ સર કર્યા પછી દક્ષિણનો આ કોંગ્રેસી ગઢ ધરાશાયી કરવાની મંશા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના સર સેનાપતિ અમિત શાહ કલ્પી પણ ન શકાય એવા ઉધામા કરશે; ચાણક્ય નીતિના તમામ દાવ અજમાવી જોશે અને ભારતને કોંગ્રેસ મુક્ત કરવાના અંતિમ ચરણને સફળ બનાવવા કાવેરીનાં પૂરની જેમ પૈસાની રેલંછેલ થશે. સામા પક્ષે કોંગ્રેસ માટે તો આ પહેલી અને છેલ્લી તક હશે. કર્ણાટકનો ગઢ સલામત ન રાખી શક્યા તો દેશભરના કાર્યકર્તાઓનું મૉરલ ડાઉન થઈ જશે, પછી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી ભારતીય જનતા પાર્ટી માટે 'કેક વૉક' બની રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એમની કારકિર્દીનો સૌથી આકરો કસોટીકાળ આ કર્ણાટકની ચૂંટણી સાબિત થશે એવી દહેશત પણ હશે જ. કર્ણાટકના પાડોશી રાજય આંધ્રમાં એમના એક સમયમના મજબૂત ટેકેદાર ડૉ. ચંદ્રાબાબુ નાયડુએ એનડીએ સાથે છેડો ફાડી દઈ મોદી સરકાર વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવા ધમપછાડા શરૂ કર્યા છે. નાયડુના કટ્ટર વિરોધી વાયએસઆર કોંગ્રેસના નેતા જગનમોહન પણ ભાજપના નેતૃત્વ સામે અવિશ્વાસની દરખાસ્ત લાવ્યા છે. સ્પીકર સુમિત્રા મહાજનને ચાલાકીપૂર્વક આ દરખાસ્ત હજી સુધી દાખલ નથી થવા દીધી તે જુદી વાત છે.

પરંતુ આની રાજકીય ચાલાકીનો પ્રજામાં નકારાત્મક સંદેશો જ જતો હોય છે. કર્ણાટકમાં કેટલાક બૌદ્ધિકો અને પ્રતિષ્ઠિત મહિલા પત્રકારની હત્યામાં પણ ભગવા રાજકારણનો હાથ હોવાનું સુવિદિત છે. આવા વિકટ સંજોગોમાં છતાં ભારતીય જનતા પાર્ટીને કર્ણાટકનું સિંહાસન હસ્તગત કરવાની તક જરૂર છે. સિદ્ધરમૈયા દલિત સમાજનું પ્રતિનિધિત્વ કરતા નેતા છે અને એમની વિરુદ્ધ 'એન્ટિ ઈન્કમ્બન્સી' ફૅકટર ઉપરાંત ભ્રષ્ટાચારના આરોપ પણ છે. કર્ણાટકમાં ૮૪ ટકા હિંદુ વસતિ છે અને મુસલમાનો ફક્ત ૧૨ ટકા છે. હવે જૂગ જુની લિંગાયત સમાજની લઘુમતીના દરજ્જાની માગણીનો ઓચિંતો જ ચૂંટણી સમયે સ્વીકાર કરીને પ્રદેશ કોંગ્રેસ સરકારે કહેવાતો માસ્ટર સ્ટ્રોક મારી દીધો છે. લિંગાયતો ૧૭ થી ૧૮ ટકા જેટલો વોટિંગ શૅર ધરાવે છે. છેક ૧૯૭૭થી લિંગાયતો કોંગ્રેસ વિરુદ્ધ મતદાન કરતા રહ્યા છે. રામકૃષ્ણ હેગડે ઈંદિરા મોજાને પણ ખાળી શક્યા હતા અને કર્ણાટકના મુખ્યમંત્રી બન્યા હતા. ભારતીય જનતા પાર્ટીએ ભ્રષ્ટાચારમાં સજા પામેલ એન પછી નિર્દોષ ઠરેલ એવા લિંગાયત સમાજના લોકપ્રિય નેતા યેદીયુરપ્પાને એક વાર મુખ્યમંત્રી બનાવ્યા હતા, પછી ડિસમિસ કર્યા હતા અને અત્યારે ફરી વાર એમને જ મુખ્યમંત્રી પદના ઉમેદવાર ઘોષિત કરેલ છે. રાહુલ ગાંધી ગુજરાતનાં સોમનાથમાં દર્શન કરી ચૂંટણી પ્રચારમાં ઊતર્યા હતા, એ જ સ્ટાઈલમાં કર્ણાટકમાં શ્રૃંગેરી મઠના શંકરાચાર્યના આશીર્વાદ લઈ રાજયનાં તમામ જાણીતાં હિંદુ-મુસ્લિમ ધર્મસ્થાનકોની મુલાકાત લઈ રહ્યા છે. કર્ણાટકે ઈંદિરા ગાંધીના રાજકારણને પુનર્જીવન બક્ષ્યું હતું. સોનિયા ગાંધીએ દિલ્હીમાં મળેલા મહાઅધિવેશનમાં એ વાતની યાદ પણ અપાવી હતી. રાહુલ ગાંધીની જેમ અમિત શાહ પણ મંદિરોનાં પગથિયાં ઘસી રહ્યા છે. પ્રશ્ન છે કર્ણાટકનો કબજો મેળવવાનો. લિંગાયત સમાજને એની જૂની માગણી પૂરી કરવાની શુભચેષ્ઠા બતાવનારી કોંગ્રેસ તરફ વળવું ગમશે કે કેમ તેની આગાહી કરવી અઘરી છે. ભાજપ લિંગાયતોને હિંદુ જ ગણવાનો આગ્રહ રાખે છે. વળી ચૂંટણીની આચારસંહિતાના મુદ્દે કેન્દ્ર સરકાર રાજય સરકાર દ્વારા મોકલાવેલ

# કોણ ચડે – ગુરુ કે શિષ્ય?



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

ફાગણ સુદ પાંચમ મહર્ષિ યાજ્ઞવલ્કય જયંતી હતી; ત્યારે એમનો કિશોરવયનો આ પ્રસંગ પ્રેરણાદાયી છે.

જ્ઞાન અને તપનો અને વારસો હતો. તે મહર્ષિ વિશ્વામિત્રનો પૌત્ર હતો. ઋષિ દેવરાત અને સુનંદાનો પુત્ર હતો. ઉપનયન સંસ્કાર પછી એને કુલપતિ શાકલ્યના આશ્રમમાં મૂકવામાં આવ્યો. ત્યાં એનો અભ્યાસ શરૂ થયો.

એ વિસ્તારનાં મહારાજા સુપ્રિય પોતાના પરિવાર સાથે એકલા આ આશ્રમમાં જાતે થોડો સમય રહેવા આવ્યો. કુલપતિ માટે આ આનંદની સાથે ગૌરવનો વિષય હતો.રાજા રોગમુક્ત રહે અને એનું કલ્યાણ થાય. એ સારા આશયથી, શાકલ્ય રોજ સવારે રુદ્રાભિષેક કરતો. પણ એનું ભિમંત્રિત જળનો લઈનો રોજેરોજ વારાફરતી શિષ્યને રાજા પાસે મોકલતો. રાજા પોતે પણ સ્નાન વગેરે પ્રાતઃ કર્મો પતાતવીને શિષ્યને રાહ જુએ. શિષ્ય આવે અને રાજાનાં મસ્તકે જળથી અમૃતાભિષેક કરે - છંટકાવ કરે આ ક્રમ નિયમિત ચાલ્યો.

એકવાર યાજ્ઞવલ્કયનો વારો આવ્યો. એ અભિમંત્રિત જળ લઈને રાજા પાસે પહોંચ્યો. રાજાએ પ્રાતઃકર્મ પતાવીને દેહ શુધ્ધ રાખવાનો હતો. યાજ્ઞવલ્કયે મહામૃત્યુજપના મંત્ર સાથે એને મસ્તકે છંટકાવ કરવાનો હતો.

પરંતુ એનો દુઃખદ આશ્ચર્ય થયું આજે રાજા તૈયાર ન હતો. એણે તપાસ કરી, તો રાજા શયનખંડમાં ગાઢ નિદ્રામાં હતો. એણે રાજાને ઉઠાડ્યો અને કહ્યું, 'મહારાજ'! હું અમૃતાભિષેક માટે આવ્યુ છું. ' રાજા તાડૂકી ઊઠ્યો. 'ઉદંડ શિષ્ય! મારી પરવાનગી વગર શયનખંડમાં કેમ પ્રવેશ્યો ? 'યાજ્ઞવલ્કય જરા પણ શેહમાં તણાયા વગર સ્વસ્થતાથી બોલ્યો, 'હું તો નિત્ય ક્રમ પ્રમાણે નિયમ મુજબ મારા ગુરુનાં આદેશને અનુસરીને હાજર થયો છું. પરંતુ તમે આશ્રમના નિયમ પ્રમાણે વર્ત્યા નથી, તમારે અભિષેક માટે દેહશુદ્ધિ કરી રાખવાની હતી. આમાં ઉદંડ કોણ છે ? આશ્રમમાં રાજાને પણ નિયમોમાં રહેવાનું છે.' રાજાનો ક્રોદ હવે વધી ગયો. એણે કહ્યું, 'જતો રહે. તારું આ જળ મારે ખપનું નથી. આ સૂકા વૃક્ષ ઉપર નાખી દે.'

સૂકાયેલા ઝાડનું ઠૂંઠું બિલ્વ વૃક્ષનું હતું. આ યાજ્ઞવલ્કય ને બાળપણમાં જ ઋષિ ઉદાલક આરુણિ પાસેથી મૃત સંજીવન વિદ્યા મળી હતી. એણે મૃત્યુંજય મંત્ર બોલીને વૃક્ષ પર જળનો છંટકાવ કર્યો અને પછી જતો રહ્યો. પરંતુ છંટકાવ થતાંની સાથે જ ફટોફટ એનાં પાંદડાં લીલા થવા માંડ્યા અને વૃક્ષ બરોબર ખીલી ઉઠ્યું. હવે રાજાને પસ્તાવો થયો. 'આ છંટકાવ મારા પર થયો હોત તો ?' એણે કુલપતિને સંદેશો મોકલ્યો.

શાકલ્યએ યાજ્ઞવલ્કયનો બોલાવ્યો. એને ઠપકો આપ્યો. અને કહ્યું, 'ફરીથી આ અભિમંત્રિત જલને લઈનો જા એની ક્ષમા માગી લે. અભિષેક કરવા જા.' યાજ્ઞવલ્કયે વિવેવપૂર્વક કહ્યું, 'મારે માફી માગવાની નથી. એણે દેહશુદ્ધિ ન રાખી, આશ્રમના નિયમનો ભંગ કર્યો છે.અમૃતાભિષેક એક વાર જ થાય, વારંવાર ન થાય. મેં કર્યુ છે, એ આશ્રમના નિયમ પ્રમાણે કર્યુ છે. તમારા પોતાના આદેશ મુજબ કર્યું છે. એણે જળનો છંટકાવ, પોતાના શિરે નહિં, પરંતુ નજીકના સૂકા વૃક્ષ પર કરવા કહ્યું, એટલે મેં એ પ્રમાણે કર્યું.'

વારંવાર શાકલ્યે યાજ્ઞવલ્કયનો કહ્યું, પરંતુ એ ન જ માન્યો. શાકલ્યે રાજાને રાજી રાખવા માગતો હતો. અંતે એણે યાજ્ઞવલકયને કહ્યું, 'તું મારા આદેશનો અનુસર્યો નથી. તેં ગુરુની આજ્ઞાનું પાલન કર્યું નથી. આ જ ક્ષણે તું આશ્રમ છોડીને જતો રહે.'

યાજ્ઞવલ્કયે શાકલ્યનો દંડવત્ પ્રણામ કર્યા અનો વિનય પૂર્વક આશ્રમમાંથી વિદાય લીધી.

પછી તો એણે જીદ કરીનો ભગવાન સૂર્યનારાયણને જ ગુરુપદે સ્થાપી દીધા... એ એનો પ્રિય શિષ્ય થઈ ગયો. સૂર્ય એને પોતાના રથમાં પોતાની સાથે બેસાડે!

# એર કન્ડીશનર (એ.સી.)ની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી?

## વિજ્ઞાન જગત

૧ પાંડુરોગ અને ગોઈટર કયા દ્રવ્યની ઉણપથી થાય છે ?
(અ) પ્રોટીન (બ) કાર્બોદિત
(ક) વિટામીન્સ (ડ) ખનીજ દ્રવ્ય

૨ હડકવા રોગ કયા વાયરસથી થાય છે ?
(અ) રેબીસ વાયરસ (બ) ફોક્સ વાયરસ
(ક) એચઆઈવી વાયરસ (ડ) ત્રણેયમાંથી એક પણ નહિં

૩ પૂંછડીયો તારો કયા નામે ઓળખાય છે ?
(અ) દૂધગંગા (બ) ખરતો તારો
(ક) ધૂમકેતુ (ડ) સપ્તર્ષિ

૪ ગ્રીક ભાષામાં 'નેનો' નો અર્થ શું થાય છે ?
(અ) નાનું (બ) સૂક્ષ્મ
(ક) વામણું (ડ) અતિ સૂક્ષ્મ

૫ સ્ટેઈનલેશ સ્ટીલ બનાવવા કઈ ધાતુ વપરાતી નથી ?
(અ) લોખંડ (બ) નિકલ
(ક) ક્રોમિયમ (ડ) ઝિંક

૬ સૂર્યમાં મુખ્ય વાયુ સ્વરુપે કયું તત્ત્વ છે?
(અ) હિલિયમ (બ) હાઈડ્રોજન
(ક) કાર્બન ડાયોકસાઈડ (ડ) નાઈટ્રોજન

૭ ટાઈફોઈડથી શરીરનું કયું અંગ સૌથી વધુ પ્રભાવિત થાય છે ?
(અ) મો (બ) જઠર
(ક) આંતરડા (ડ) મૂત્રાશય

૮ ડિફથેરીયા કયા અંગ સાથે સંબંધિત રોગ છે ?
(અ) શ્વાસનળી (બ) ફેફસાં
(ક) જઠર (ડ) યકૃત

૯ ગોઈટર અને મેકસેડેમા રોગ શાની ઉણપથી થાય છે ?
(અ) વિટામીન (બ) થાઈરોકસીન
(ક) પ્રોટીન (ડ) ખનીજ દ્રવ્ય

૧૦ સલીમ અલી પક્ષી વિજ્ઞાન એવંમ્ પ્રાકૃતિક વિજ્ઞાન કેન્દ્ર કયાં આવેલ છે?
(અ) હૈદાબાદ (બ) કોલકાત્તા
(ક) કોઈમ્બતુર (ડ) ભરતપુર

૧૧ કયા બળતણને ગ્રીન ફયુઅલ કહે છે ?
(અ) પેટ્રોલ (બ) ડીઝલ
(ક) ઈથર (ડ) સીએનજી

૧૨ કઈ ધાતુ ભવિષ્યથી ધાતુ કહેવાય છે ?
(અ) ટાઈટેનિયમ (બ) રેડિયમ
(ક) ટંગસ્ટ્રન (ડ) યુરેનિયમ

૧૩ એર કન્ડીશનર (એ.સી.)ની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી ?
(અ) અલિસા ઓટીસ્ (બ) વિલ્સ હેવી લેન્ડ કેરિયર
(ક) બી. પાસ્કલ (ડ) કેકસ્ટન

૧૪ ગુજરાતમાં ઈન્સ્ટીટયુટ ઑફ પ્લાઝમા રિસર્ચ કયાં આવેલું છે ?
(અ) ભાટ, અમદાવાદ (બ) વડોદરા
(ક) કાંકરાપાળ (ડ) જામનગર

૧૫ પારિજાત કયા રંગનો તારો છે ?
(અ) આછો પીળો (બ) આછો વાદળી
(ક) રાતા (ડ) ઘેરો વાદળી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૨૪ માર્ચ ૧૮૬૭ : શ્રી વામનરાય બસુ** : ઈતિહાસ, વૈદક વનસ્પતિ, વિજ્ઞાન, ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, આરોગ્ય વિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને કલાશાસ્ત્રના પ્રખર જાણકાર. અભ્યાસુ અને લેખક. તેમનો જન્મ બંગાળના ખુલના પરગણામાં આવેલ શેગ્રાલ - વાનીપુરમાં થયો હતો. ઈતિહાસ, સાહિત્ય અને સંશોધન ક્ષેત્રે ઉમદા કામગીરી કરી. ૨૯.૦૯.૧૯૩૦ના રોજ અવસાન પામ્યા.
- **૨૬ માર્ચ ૧૯૦૪ : સંત બાલ** : મોરબી તાલુકાના ટોળ ગામમાં જન્મ. બાળપણનું નામ શિવલાલ હતું. તેઓ ક્રાંતિકારી જૈન સંત હતા. જૈન દર્શન, ભારતીય દર્શન તેમજ આધ્યાત્મક પર વિપુલ સર્જન કર્યું. સમાજ ઘડતરના કાર્યો કર્યા. 'સર્વધર્મ પ્રાર્થના', 'વિશ્વ વાત્સલ્ય મહાવીર', 'બ્રહ્મચર્ય સાધના', 'ધર્માનુબંધ', 'વિશ્વદર્શન' જેવા દસ ગ્રંથોની રચના કરી. ૨૬.૩.૧૯૮૨માં અવસાન પામ્યા.
- **૨૭ માર્ચ ૧૮૪૫ : રોન્ટજેન વિલ્હેમ કોનરાડ** : મહાન ભૌતિક વૈજ્ઞાનિક. ક્ષ કિરણોના શોધક. જર્મની દેશમાં જન્મ. હોલેન્ડમાં પ્રાથમિક શિક્ષણ લીધું. સ્વીત્ઝર્લેન્ડમાં કૉલેજમાં અભ્યાસ કર્યો. 'વાયુઓના સ્વરુપો' પર મહાનિબંધન લખ્યો. તેમની શોધ બદલ નોબેલ પારિતોષિક મળ્યું. ૧૯૨૩ માં અવસાન પામ્યા.
- **૨૮ માર્ચ ૧૮૬૮ : મેક્સીમ ગોર્કી** : રશિયાના મહાન સાહિત્યકાર. નાની વયથી લેખન કાર્ય શરૂ કર્યું. ગાંધીજીએ એમને 'માનવ અધિકારોના મહાન લડવૈયા'નું બિરુદ્ધ આપ્યું. બાળકો માટે ગ્રંથ તૈયાર કરવાનું શરુ કર્યું. પણ અકાળે ૧૯૩૬માં નિધન થયું.
- **૨૮ માર્ચ ૧૯૧૭ : વાસુદેવ નારાયણભાઈ મહેતા** : અમદાવાદમાં જન્મ. ૧૯૪૦થી વિવિધ વર્તમાન પત્રોમાં કામગીરી કરી. ૧૯૭૭-૭૮માં જનસત્તા દૈનિકના તંત્રી રહ્યા. ૧૯૭૪માં 'રશિયાનો પ્રવાસ' કર્ય જેની ફલશ્રુતિ સ્વરુપે 'આ પેલુ રશિયા' પુસ્તક લખ્યું.
- **૨૯ માર્ચ ૧૮૯૦ : ડો. વિલિયમ લોરેન્સ બ્રેગ** : પ્રખ્યાત ભૌતિકશાસ્ત્રી. ઓસ્ટ્રેલિયામાં જન્મ થયો હતો. એડિલેટ યુનિમાંથી ગણિતશાસ્ત્રીની પદવી મેળવી. પિતા સાથે સંશોધનમાં જોડાયા. અને સંયુક્ત રીતે નોબેલ પારિતોષિક મેળવ્યું. યુરોપ યુનિવર્સિટીએ 'ડૉકટરેટ'ની માનદ પદથી આપી બહુમાન કર્યું. ૧૯૭૧માં અવસાન પામ્યા.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સમાજવાદી પાર્ટીએ તાજેતરમાં જીતે ગોરખપુર સંસદીય ક્ષેત્ર પરંપરાગત રીતે તે કયા નેતાનો ગઢ હતો ?**

**જવાબ : યોગી આદિત્યનાથ**



## ખજાનો

અનિલ પટેલ

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) મહેશ જાદવ : શ્રી રંગ એન્ટાયર, રાયસણ
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬બી
(૪) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૬) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસી., ધોળેશ્વર પાસે
(૭) જયેન્દ્રપ્રસાદ પાઠક - સે-૬

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**બ્લેક હોલ થિયરીના જનક એવા કયા વૈજ્ઞાનિકનું તાજેતરમાં અવસાન થયું છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# આજની સૌથી મોટી સમસ્યા : અપસેટ રહેવું



દરેક વ્યક્તિને કોઈને કોઈ વાત ડિસ્ટર્બ કરે છે. અપસેટ રહેવું એ આજની સૌથી મોટી સમસ્યા છે. બધાના ચહેરા પર ન કળી શકાય એવો ભાર જોવા મલે છે. આપણે બધા જ કોઈને કોઈ બોજ સાથે લઈને ફરીએ છીએ. કોઈને સફળતાની ચિંતા તો કોઈને સંબંધોની સાર્થકતાની શું થશે ? એ પ્રશ્નના દબાણ હેઠળ બધા એવા દબાઈ ગયા છે કે કોઈ જ અને કંઈ જ 'નેચરલ' લાગતું નથી. દુનિયાની દરેક ફિલોસોફી જિંદગી વિશે એક જ વાત છે કે જિંદગી માણવી હોય તો વર્તમાનમાં જીવો. અત્યારે જે પળ છે તે પળમાં ખુશ રહો. આ વાત બધા જાણે છે. પણ કેટલા લોકો ખરેખર વર્તમાનમાં જીવતા હોય છે ! આપણને માનસિક તણાવ આપણા ઉપર એટલો બધો હાવી થઈ જાય છે કે વર્તમાન આપણા હાથમાંથી સરકી જાય છે. આપણે કાં તો ભૂતકાળમાં ધકેલાઈ જઈએ છીએ એ અથવા ભવિષ્યમાં સરી પડીએ છીએ. એક માણસ સંત પાસે ગયો. તેણે સંતને કહ્યું કે મને એક અજાણ્યો ભય લાગે છે. કંઈક અમંગળ થવાનું છે. એવો ડર મને લાગ્યા રાખે છે. આનાથી બચવા માટે મારે શું કરવું ? સંતે કહ્યું કે તારા પડછાયા સાથે રમત રમવાનું છોડી દે. સંતે કહ્યું, દરેક માણસ પડછાયામાં જીવે છે પડછાયો નાનો થાય તો ગભરાઈ જાય છે. અને પડછાયો મોટો થાય તો હરખાઈ જાય છે. તમે તમારું મૂલ્ય પડછાયાને જોઈને જ આંકો, કારણ કે પડછાયો તો સમય મુજબ બદલાઈ જાય છે. જે બદલે એછે એ સમય છે. તમે તો એના એજ છો. માણસો દુઃખી એટલે છે કે જે નથી એમાં એ જીવતાં હોય છે. કલ્પના અને સપનાં સારી વાત છે. પણ તેમાં તમે એકલા એટલા નખાવાઈ જાય કે હકીકતને ન જીવી શકો. માણસ કઈ વાતે સૌથી વધુ ખલેલ પપહોંચાડે છે ? એક જયોતિષ અને મનોચિકિત્સક સાથે આ વિષય પર વાત થઈ. જયોતિષીએ કહ્યું કે કયા પ્રશ્નો અને કંઈ મુંઝવણ લઈને લોકો તમારા પાસે આવે છે. જયોતિષીએ કહ્યું કે - સૌથી વધુ સવાલે સંબંધોના છે સંબંધો ગુમાવવાનો ભય લોકોને સૌથી વધુ છે. બધાને સંબંધો એટલી જડતાથી પકડી રાખવા છે કે સાથેની વ્યક્તિ ગુંગળાઈ જાય કોઈ એ સમજવા જ તૈયાર નથી કે કોઈને વશમાં રાખી તમે પ્રેમ મેળવી ન શકો. જે સંબંધો માણસને જીવવા જોઈએ એ જ તેને વધુ હેરાન કરે છે. કોઈને પત્ની સાથે ફાવતું નથી. કોઈને પતિ હેરાન કરે છે. બધા કયાંકથી પ્રેમ મેળવવા ફાંફાં મારે છે. કોઈને દીકરીના સંબંધ મજૂર નથી, કોઈનાથી દીકરાનું વર્તન સહન થતું નથી.



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

આડા, ઊભા, વાંકા અને ત્રાંસા સંબંધોમાં બધા જીવે છે. અને હતાશ છે. મોટાભાગના લોકો અસમંજશમાં જીવે છે. પણ અત્યારના માણસની તકલીફ એ છે કે અત્યારનો માણસ નથી સો ટકા મુંઝવણ માં કે નથી સો ટકા મજામાં. એ દુઃખ અને સુખમાં, આનંદ અને હતાશામાં એવો ઝૂલતો રહે છે કે એ થાકી ને લોથપોથ થઈ જાય છે. બધા એવું બોલે છે કે જે થવું હોય એ થાય પણ જે થાય છે એ સહન કરી શકતા નથી. માણસ પોતે જ મુક્ત થઈ શકતો નથી. એવો ઘેરાયેલો રહે છે. પોતાની હાલતમાં જ ગૂંગળાતો રહે છે. કયાંય મજા નથી આવતી. મૂડ બરાબર નથી. કોઈ વાતમાં આનંદ આવતો નથી. વિચારો પીછો છોડતા નથી, ડર વધુ ને વધુ ભયાનક થતો જાય છે. દિવસે ચેન નથી પડતું અને રાતે ઊંઘ નથી આવતી. દરેક વ્યક્તિ આવી કોઈને કોઈ સમસ્યા અનુભવે છે. ભૂતકાળને પકડી ન રાખો અને ભવિષ્યને પકડવા બાંચકા ન ભરો...

તો જ અત્યારના સમય સાથે જીવી શકશો.

જો તમે ડિસ્ટર્બ થશો તો બધા જ તમને ડિસ્ટર્બ કરશે. ઘણા લોકો પોતાના વિશે જ વાતો જાણી ખુલાસાઓ કરવામાંથી નવરાં પડતા નથી. તમે રસ્તો ચૂકી જાવ એવા સતત પ્રયત્ન થવાના જ નથી. તમે એ વિચાર માર્ગને જ પકડી રાખો. તો કંઈ વાંધો આવતો નથી. તમે એ વિચાર કરો કે કઈ વાત તમેન સૌથી વધુ હેરાન કરે છે. એ વાત ખરેખર ડિસ્ટર્બ થવા જવી છે ખરી ? તમે જે વાતથી હેરાન થાવ છો. તેમાં જ પડ્યા રહેવાથી સરવાળે કોઈ ફાયદો થવાનો છે કે કંઈ પરિણામ આવવાનું છે ? જો ના તો એ છોડી દો. નકામી વાતો અને ખોટી ચિંતા અને ઉપાધિઓમાંથી આપણે બહાર નીકળવાનું છે?